મકાઈનું ભૂસું અને સડેલી હળદર ભેળવી મરચું બનાવતી બે ફેકટરી ઝડપાઈ

વિજાપુર,તા.૧૦

વિજાપુર ખાતે રણાસણ જીઆઈડીસીમાં પુરવઠા વિભાગ અને પોલીસ તંત્રએ સંયુક્તપણે દરોડા પાડી ભેળસેળયુક્ત મરચું બનાવતી બે ફેક્ટરી ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રણાસણ જીઆઈડીસી ખાતે સૂરજ કોટન મિલ અને સૂરજ કોલ્ડ સ્ટોરેજ નજીક આવેલ મકાનમાં ભેળસેળયુક્ત મરચું બનાવવામાં આવતું હોવાની મળેલ બાતમીના આધારે પુરવઠા અને પોલીસ તંત્રએ અચાનક દરોડો પાડ્યો હતો.

દરોડા દરમ્યાન પોલીસે આ ફેકટરીમાંથી લાકડાનો વ્હેર, મકાઈનું ભૂસું, સડેલી હળદર તેમજ મિશ્રણ કરવામાં વપરાતી મશીનરી અને ચાર હજાર કિલો ભેળસેળ યુક્ત મરચાનો જથ્થો કબજે કર્યો હતો. લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરવાના કૌભાંડમાં પોલીસે મુકેશ મહેશ્વરી અને પ્રેમકુમાર મહેશ્વરીની અટકાયત કરી હતી. પોલીસની પૂછપરછ દરમ્યાન આ અટકાયત કરેલા બે શખસો વિજાપુરના હોવાનું જાણવા મળ્યું છે. ખામીયુક્ત મરચાનો જથ્થો આ શખસોએ ક્યાં ક્યાં સપ્લાઈ કર્યો છે તે અંગે પણ સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે બંને ફેકટરી અને ગોડાઉન પણ સીલ કરી દીધા છે.

મામાના ઘરેથી આવેલા મામરું ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રા અને બલરામજીના વસ્ત્રો મંદિરમાં પહોંચ્યા હતા જેના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

રાજ્યમાં ૧૪ થી ૨૦ જુલાઈ સુધીમાં રાજ્યમાં ધોધમાર વરસાદ

અમદાવાદ,તા. ૧૦

દક્ષિણ ગુજરાત સિવાય રાજ્યનાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પાછો ખેંચાયો છે. પરંતુ આગામી બે દિવસ મધ્ય લેવલે રચાયેલા સેરઝોનથી તા.૧૧ જુલાઈથી બે દિવસ રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે, જ્યારે રાજ્યમાં સ્ટ્રોંગ સરકયુલેશન સીસ્ટમ સક્રિય બની રહી હોઇ તા.૧૩મી જુલાઈથી બંગાળની ખાડીમાં સ્ટ્રોંગ લો-પ્રેશર સર્જાશે અને તેના કારણે તા.૧૪થી ૨૦ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદ વરસવાની શકયતા હવામાન ખાતાએ વ્યકત કરી છે. હવામાન ખાતા દ્વારા હાલ ગુજરાતમાં સરેરાશ વરસાદ કરતા ૪૬ ટકાની ઘટ સરભર થવાની પ્રબળ શકયતા વ્યકત કરી છે. સાથે સાથે હવામાન વિભાગે આવતીકાલે તા.૧૧મી જુલાઈથી બે દિવસ માટે ગુજરાત માટે ઓરેન્જ એલર્ટ પણ જાહેર કર્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, દક્ષિણ ગુજરાત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ કરતા ઓછો વરસાદ છે. હાલ દક્ષિણ ગુજરાત અને મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે. તો વાતાવરણના મધ્ય લેવલે પૂર્વ-પશ્ચિમના પવનો ભેગા થયા છે, જેને સેરઝોન કહે છે. આ સેરઝોન ૧૯ ડિગ્રી ઉતર તરફ છે. જેથી હાલમાં મુંબઈ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. આ સેરઝોન આગામી બે દિવસમાં ગુજરાત તરફ આગળ વધશે. જેથી આવતીકાલે તા.૧૧મી જુલાઈથી બે દિવસ રાજ્યનાં વિવિધ વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદ વરસવાની શકયતા છે. તેથી રાજ્યના અન્ય ભાગોમાં આ બે દિવસ દરમ્યાન વરસાદ નોંધાવાની પૂરી શકયતા છે. કચ્છ-સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં પણ સારા એવા વરસાદની આગાહી કરાઈ છે.

ડાક અદાલતમાં 'સર્વર ડાઉન' સમસ્યા અંગે ઉગ્ર રજુઆત

શહેર વસાહત મહામંડળ દ્વારા ગુડા વિસ્તારમાં કથળેલી ટપાલ સેવા અંગે પણ અવાજ ઉઠાવાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં ટપાલ સેવામાં સર્વર ડાઉન, સ્ટાફની અછત, નવીન મકાન તથા ગુડા વિસ્તારમાં કથળેલી ટપાલ સેવાના મુદ્દાઓ આ વખતની ડાક અદાલતમાં શહેર વસાહત મહામંડળ દ્વારા ઉઠાવવામાં આવ્યા હતા. તાજેતરમાં તા. ૬ઠ્ઠી જુલાઈના રોજ ઈન્ચાર્જ અધિક્ષક વ્યાસ દ્વારા ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં આ મુદ્દાઓની રજૂઆત કરાઈ હતી.

શહેર વસાહત મહામંડળ વર્ષોથી શહેરમાં ટપાલ સેવા અંગે પ્રતિ માસે યોજાતી ડાક અદાલતમાં સક્રીય ભાગ લઈ નાગરિકોને પડતી મુશ્કેલીઓ અંગે અવાજ ઉઠાવે છે. આ વખતની ડાક અદાલતમાં પણ લગભગ તમામ ટપાલ કચેરીઓમાં વધી ગયેલી 'સર્વર ડાઉન'ની સમસ્યાને કારણે ગ્રાહકોને પડતી હાલાકી અંગે રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત શહેરના સેક્ટર-૨૨ અને ૩૦ સહિત જે ટપાલ કચેરીઓમાં માત્ર બે કર્મચારીનો સ્ટાફ હતો તેમાંથી એક કર્મચારીને અન્યત્ર ખસેડી લેવાથી નાગરિકો-ગ્રાહકોને પડી રહેલ પારાવાર તકલીફ દૂર કરવા અને કાયમી સ્ટાફની નિમણૂંક કરવા રજૂઆત કરાઈ હતી. આ સાથે ટપાલ કચેરી માટે ફાળવાયેલ જમીન પર મકાન બાંધકામ અંગે અને ખાસ કરીને ગુડા વિસ્તારમાં અત્યંત કથળેલી ટપાલ સેવા અંગે રજૂઆત કરાઈ હતી. આ ડાક અદાલતમાં વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, નિલેન્દુ વોરા, બાબુભાઈ મેસરવાલા વગેરેએ અસરકારક રજૂઆતો કરી હતી.

ખેડબ્રહ્મા ધી રાજસ્થાન નાગરિક સહકારી શરાફી મંડળીના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા શહેરમાં આવેલ ધી રાજસ્થાન નાગરિક સહકારી શરાફી મંડળીમા આજરોજ જેન્તીભાઇ પી. પટેલના અધ્યક્ષસ્થાને મળેલી મીટીંગમા ચેરમેન તરીકે ચંપકલાલ જસરાજભાઈની નીમણુક કરાઈ. વાઇસ ચેરમેન તરીકે શંકરલાલ જીવાજી માળી તેમજ મેનેજીંગ ડીરેકટર તરીકે રાજમલ ભુરાલાલ મહેતાની સર્વાનુમતે વરણી કરાઈ હતી. બોર્ડ ઓફ ડીરેકટરના તમામ મીત્રો મેનેજર યોગેશભાઈ સુથાર અને સટાફ મીત્રોએ અભિનંદન આપ્યા હતા.

હવે, ગ્રામ પંચાયતમાં લાઈસન્સ માટે અરજી કરી શકાશે

કોઇ પણ નાગરિક માત્ર ૨૦નો ચાર્જ ભરીને ઓનલાઇન એપોઇન્ટમેન્ટ મેળવી શકશે : નાગરિકોને સરળતા રહેશે

ગાંધીનગર,તા.૧૦

રાજ્યભરની ગ્રામ પંચાયતોમાં હવે ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટેની ઓનલાઈન અરજી કરવાની સુવિધા તા.૧લી ઓગસ્ટથી અમલી બનવા જઇ રહી છે. કોઈપણ વાહનચાલક કે નાગરિક માત્ર રૂ.૨૦નો ચાર્જ ગ્રામ પંચાયતમાં ભરીને આરટીઓમાંથી ડ્રાઈવિંગ લાઇસન્સ મેળવવા માટેની ઓનલાઈન એપોઈન્ટમેન્ટ અૅગની અરજી કરી શકશે. આ નિર્ણયના કારણે નાગરિકોને ઓનલાઇન એપાઇન્ટમેન્ટ મેળવવામાં સરળતા રહેશે. રાજ્યની મહાનગરપાલિકાઓમાં વિવિધ સ્થળોએ સેવા કેન્દ્રો ઉપલબ્ધ હોય છે. જેના કારણે કોઈપણ નાગરિકને સામાન્ય સુવિધાઓ મેળવવામાં તકલીફ પડતી નથી. અંતરિયાળ ગામડાંઓમાં રહેતા લોકો આસપાસના મોટા ગામમાં અરજી કરવા માટે ધક્કા ખાતા હોય છે. હવે આવા ફોર્મ ભરાવવા માટે તેઓને ધક્કા ખાવા પડશે નહીં. અરજદારોએ ગ્રામ પંચાયતની ઓફિસમાં ડ્રાઈવિંગ લાઈસન્સ માટેની એપોઈન્ટમેન્ટ લીધી હશે તે જ દિવસે તેમણે સીધું આરટીઓમાં જવાનું રહેશે. ગ્રામ પંચાયતનો કોન્ટ્રેક્ટ બેઈઝ કર્મચારી એક અરજદાર પાસેથી આ માટે રૂ.૨૦નો ચાર્જ વસૂલી શકશે. એજન્ટો મન ફાવે તેવા રૂપિયા પડાવતા હોવાની ફરિયાદોના પગલે સરકારે હવે આ નવો રસ્તો અપનાવવવાનો નિર્ણય લીધો છે. રાજ્યની તમામ આરટીઓમાં કાચું-પાકું લાઈસન્સ, રિન્યુઅલ, ડુપ્લિકેટ, લાઈસન્સ ભરવા સહિતની પ્રક્રિયાઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવું ફરજિયાત છે. તેની સાથે જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ કરીને અરજદારે આરટીઓમાં જવાનું રહે છે. એજન્ટો આવાં ફોર્મ ભરાવવાના રૂ.૧૦૦થી ૩૦૦ની વસૂલી કરે છે. વાહન વ્યવહારના વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રાયલ બેઝ પર કેટલાક ગામડાંઓમાં આ સુવિધા શરૂ કરાઈ છે. તા.૧લી ઓગસ્ટ સુધીમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોમાં આ સુવિધા શરૂ થઈ જશે. જેના કારણે નાગરિકોને ભારે સરળતા રહેશે.

રાજ્યના ૨૨૦ તાલુકામાં હજુ અપેક્ષાથી ઓછો વરસાદ થયો

એકબાજુ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન બની અનરાધાર વરસાદ વરસાવી રહ્યા છે ત્યારે બીજીબાજુ, હજુ રાજ્યના ૨૨૦ તાલુકાઓમાં જોઈએ તેવો નોંધપાત્ર વરસાદ નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક તાલુકાઓ તો હજુ કોરાધાકોર જ જાણે રહ્યા છે. જેને લઈ જગતના તાત ખેડૂતની સાથે સાથે રાજ્ય સરકાર અને તંત્રના અધિકારીઓ ચિંતિત બન્યા છે. ખાસ કરીને ખેડૂતો વાવણીલાયક વરસાદની રાહ જોઈને બેસી રહ્યા છે પરંતુ હજુ સુધી આ પંથકોમાં વરસાદ નહી વરસતાં તેઓ ભારે નિરાશ થયા છે. હાલ રાજ્યના ગણતરીના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. રાજ્યના ૩૧ તાલુકાઓમાં નોંધનીય વરસાદ પડ્યો છે. બાકીના તાલુકાઓમાં જોઈએ એવો વરસાદ પડયો નથી તો, ક્યાંક કોરાધાકોરની સ્થિતિ છે.

આમ, રાજ્યના ૨૫૧ તાલુકાઓમાંથી ૨૨૦ તાલુકાઓમાં હજુ સુધી નોંધપાત્ર વરસાદ પડ્યો નથી. જો હજુ પણ વરસાદ ખેંચાશે તો ખેડૂતોના પાક સહિત પીવાના પાણી અને પશુઓના ઘાસચારાની સમસ્યા ઉભી થઈ શકે છે. જેને લઈને ખેડૂતો સાથે સરકાર પણ ચિંતિત બની છે. આમ ગુજરાતમાં સૌ કોઈ કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા છે. ખુદ સરકારના આંકડા પ્રમાણે, ચાલુ મોસમમાં રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૬૭ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છમાં ૫.૮૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧.૪૧ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૪.૫૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૦.૦૭ ટકા તથા દક્ષિણ ગુજરાતમાં ૨૯.૪૪ ટકા જેટલો સરેરાશ વરસાદ વરસ્યો છે. આમ, રાજ્યના ઘણા વિસ્તારો એવા છે કે જ્યાં જરૂરિયાત પ્રમાણેનો વરસાદ હજુ સુધી પડયો જ નથી. તો કેટલાય વિસ્તારો એવા છે કે જ્યાં હજુ સુધી મેઘરાજાએ એન્ટ્રી લીધી જ નથી. કેટલાક વિસ્તારો એવા પણ છે કે, જ્યાં વરસાદ પડયો પરંતુ સંતોષજનક અથવા તો પ્રમાણસર નહી હોવાના કારણે આવા વિસ્તારોમાં વરસાદી ઘટ સર્જાઇ છે, જેના પરિણામે રાજ્યના આવા તાલુકાઓ અને પંથકો-વિસ્તારોમાં પાણીની ગંભીર અછત સર્જાવાના અને પાક નિષ્ફળ જવાના અૅંધાણ વર્તાતા ખેડૂતોની સાથે સાથે ખુદ હવે સરકારના સત્તાવાળાઓ ચિંતામાં આવી ગયા છે અને સૌકોઇ મેઘરાજાને રીઝવવામાં પડયા છે.

ધી પ્રતાપગઢ (સાબલી) ગામની સેવા સહકારી મંડળી લી.ચેરમેન, વા.ચેરમેન, કારોબારી સભ્યોની નિમણુંક

ભિલોડા,તા.૧૦

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના પ્રતાપગઢ (સાબલી) ગામની ધી પ્રતાપગઢ (સાબલી) ગામની સેવા સહકારી મંડળી લી.ચેરમેન, વા.ચેરમેન, કારોબારી સભ્યોની તાજેતરમાં ભારે રસાકસીભરી ચુંટણી યોજાઈ હતી. ધી પ્રતાપગઢ (સાબલી)

ગામની સેવા સહકારી મંડળી લી.ચેરમેન પદે રફીકભાઈ કોદરભાઈ મનસુરી(એડવોકેટ), વા.ચેરમેન પદે રજાકભાઈ રસુલભાઈ મનસુરી સહિત વ્યવસ્થાપક કમીટી સભ્યોની નિમણુંક કરાઈ હતી.

સરકારી શાળામાં વિદ્યાર્થીઓ માટે દર મહિને પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા.૧૦

રાજ્યભરમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે હવે રાજ્યની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે દર મહિને પરીક્ષા લેવાશે. રાજ્ય સરકાર શિક્ષકોની પરીક્ષા લેવાની સાથે-સાથે વિદ્યાર્થીઓની પરીક્ષા દર મહિને યોજવાનું આયોજન કરી રહી છે. જેને પગલે હવેથી તમામ સરકારી શાળાના વિદ્યાર્થીઓ માત્ર છ માસિક કે વાર્ષિક જ નહીં, પરંતુ માસિક પરીક્ષા આપશે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ખાનગી શાળાઓની તુલનાએ સરકારી શાળાનાં બાળકોના શિક્ષણનું સ્તર નીચું જતું હોઈ ભવિષ્યમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ બાળકો પૂરતું પર્ફોર્મન્સ બતાવી શકતાં નથી, જેના કારણે હવે દર મહિનાના અંતે જે તે અભ્યાસ કર્યો હશે તેની ટેસ્ટ લેવાશે. સરકારી શાળાઓમાં દર વર્ષે યોજાતા ગુણોત્સવ અને પ્રવેશોત્સવમાં વિદ્યાર્થીઓનાં પરિણામ નબળાં આવી રહ્યાં છે, તેનું યોગ્ય મોનિટરીંગ થતું નહીં હોવાનું બહાર આવ્યું હતું.

વિદ્યાર્થીઓની ટેસ્ટ લેવાશે તેમાં તેમને તે માસ દરમ્યાન ભણેલા અભ્યાસક્રમમાંથી જ પ્રશ્નો પુછાશે. વિદ્યાર્થીઓના આ ટેસ્ટની સાથે શિક્ષકોને પણ ખબર પડશે કે વિદ્યાર્થીઓને કેટલું યાદ રહ્યું છે. દર શનિવારે હવે શાળાઓમાં વિદ્યાર્થીઓને ભણાવવામાં નહીં આવે, તેની જગ્યાએ સ્પોર્ટ્સ કલ્ચર અને સોશિયલ એક્ટિવિટી કરવાની રહેશે. બાળકોએ શું ઇતર પ્રવૃત્તિઓ શનિવારે કરવાની છે તેની એક રૂપરેખા તૈયાર થઇ રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા શનિવારે કઇ કઇ પ્રવૃત્તિઓ કરાવવાની છે તેનું લિસ્ટ બનાવીને તમામ શાળાઓને મોકલી અપાશે, જેનો શિક્ષકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. સમગ્ર પ્રક્રિયા અને પ્રવૃત્તિ પર શિક્ષણવિભાગનું સતત મોનીટરીંગ રહેશે.

રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની વાર્ષિક સામાન્ય સભા આગામી તા. ૨૨મી જુલાઈ રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા પંચાયત અમદાવાદના સભાગૃહ ખાતે યોજાશે. ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની વાર્ષિક સામાન્ય સભામાં સિનીયર કલાર્કની જગ્યા નાયબ ચીટનીસ સંવર્ગમાં અપગ્રેડ કરવા સંબંધે થયેલ કામગીરીની સમીક્ષા, ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા એસીએને ૧૮૯૭૦-૨૦૧૭ માટેની ચર્ચા, વર્ષ ૨૦૧૭માં મહામંડળની પુનઃ રચના બાદ વર્ષ દરમિયાન મહામંડળ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા, મહામંડળની વાર્ષિક ફી બાબત તથા અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે અંગે ચર્ચા હાથ ધરવામાં આવશે.

આ વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેવા મહામંડળના તમામ સભ્યોને સૂચિત કરવામાં આવે છે તેવું મહામંડળના મહામંત્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે. સભામાં મહામંડળ દ્વારા ભોજન વ્યવસ્થાનું પણ આયોજન કરાયું છે.

ભિલોડા એસ. ટી. ડેપોના સાત કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા એસ.ટી.ડેપોના સાત કર્મચારીઓનો વય નિવૃતીનો વિદાય સમારંભ યોજાયો હતો.ભિલોડા એસ.ટી.ડેપોના વય નિવૃત્ત કર્મચારી (૧) ડાહ્યાભાઈ વણકર (૨) જગનાજી ખરાડી (૩) જાનુભાઈ મકરાણી (૪) મંગળાજી પાંડોર (૫) મોહનભાઈ ખરાડી (૬) મકસીભાઈ ખરાડી (૭) ડાહ્યાભાઈ મકવાણાનો વય નિવૃતીનો વિદાય સમારંભ યોજાયો હતો. ભિલોડા એસ.ટી.ડેપો મેનેજર કનુભાઈ વી.બળેવા, મહેન્દ્રસિંહ ચંપાવત,દિપકભાઈ સુથાર, ધર્મેન્દ્રસિંહ જાડેજા, મુકેન્દ્રસિંહ સિસોદીયા, રાજેન્દ્રસિંહ ચંપાવત,નીતાબેન પટેલ સહિત ભિલોડા એસ.ટી.ડેપોના કર્મચારીઓ, ડ્રાઈવરો, કંન્ડક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

લાંબા વિરામ બાદ અમદાવાદ શહેરમાં પણ વરસાદી ઝાપટા

અમદાવાગ,તા. ૧૦

અમદાવાદ શહેરમાં પણ મોડી રાત્રે અને આજે વહેલી પરોઢે વરસાદ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. શહેરના તમામ વિસ્તારોમાં વરસાદ થયો હતો. જો કે સતત વધારે વરસાદ ન થતા કોઈ પણ વિસ્તારમાં પાણી ભરાવવાના સમાચાર મળ્યા નથી. અમદાવાદ શહેરના શાહીબાગ, સાબરમતી, મણિનગર, મેઘાણીનગર, નવરંગપુરા, વિજય ચાર રસ્તા, વાડજ, નવા વાડજ સહિતના તમામ વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. હજુ ગાજવીજ સાથે વરસાદી ઝાપટાનો દોર જારી રહી શકે છે. અમદાવાદ માટેની આગાહીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. એમ પણ જણાવવામાં આવ્યું છે કે, બાફની સ્થિતિ રહ્યા બાદ વરસાદથી તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૩.૪ અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ અને વરસાદી વાદળા રહ્યા હતા. જો કે, સવારબાદથી શહેરના કોઈ વિસ્તારમાં વરસાદ થયો ન હતો.

ગુલમહોર ● ચોથા પાનાનું ચાલું

જેનિફર હવે વિદ્રોહી બની હતી. તેણે મનોમન નક્કી કર્યું હતું કે "હવે હું એને નહિ છોડું. મારી સાથે તેણે કરેલા સિતમનો હું અવશ્ય બદલો લઈશ."

એક દિવસ જેનિફરે શહેરની ફેમિલી કૉર્ટમાં પતિ નેલ્સન વિરુદ્ધ માનસિક અને શારિરીક અત્યાચારનો અને ભરણપોષણનો એમ બે કેસ કર્યા હતા. ત્રાસ ભોગવવાનો અને પસ્તાવાનો વારો હવે નેલ્સનનો હતો. કૉર્ટમાં મુદતે હાજર રહેવાનું અને વકીલોની ઑફિસના ચક્કર ખાઈ ખાઈને તે અધમુઓ થઈ ગયો હતો. વાત હદથી આગળ વધી ગઈ હતી. કૉર્ટે નોકરી ન હોવાનું નેલ્સનનું બહાનું ચલાવી લીધું નહોતું. કૉર્ટેના આદેશ અનુસાર હવે તેણે પત્ની જેનિફર અને દીકરા યૉહાનને દર મહિને મેન્ટેનન્સની રકમ ડાયરેક્ટ બેન્ક એકાઉન્ટમાં ડિપોઝીટ કરાવવી પડતી હતી. જો તે મેન્ટેનન્સ ન ચુકવે તો જેલમાં જવાની તૈયારી રાખવાની હતી. જેનિફરના ચહેરા ઉપર તેજ અને તાજગી પાછાં આવ્યાં હતાં.

વેશભૂષામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાજ ટ્રસ્ટની મદદથી હેત ફાઉન્ડેશનના બાળકો ગણપતિ, બાળકૃષ્ણ, બાળ મહાદેવ, બાળ રાધા, બાળ મીરા, સુદામા, અને જોકર સહીતના વેશમાં સજ્જ જોવા મળશે. રથયાત્રામાં આ બાળકોનો વિશેષ ટેબલો પણ જોડાશે. ગાંધીનગરના કલાકાર હીંમાશુ ભચેચ તેમના જન્મદિવસની ઉજવણી રથયાત્રા દરમિયાન આ બાળકો સાથે કરશે. આ બાળકો ભગવાનના મોસાળ સે-૨૯ જલારામ ધામ ખાતે અબીલ ગુલાલની છોળ ઉડાડી ઢોલ નગારા સાથે ભગવાન જગન્નાથજીનુ સ્વાગત કરશે.

બ્રિડીંગ મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાઢવામાં આવ્યા છે. જેમના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

બે દિવસમાં તાવના ૯૩૦ જેટલા કેસ શોધી કાઢવામાં આવ્યા છે. જે આરોગ્ય તંત્ર દ્વારા સબ સલામતના દાવાને પોકળ હોવાનું સાબિત કરે છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સર્વેલન્સ દરમ્યાન ૨,૩૦,૪૩૯ વ્યક્તિઓને આવરી લેવામાં આવેલ હતી. જ્યારે ૪૭,૩૯૮ ઘરોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ સર્વેલન્સ દરમ્યાન સૌથી નોંધનીય ઘટના એ બહાર આવી રહી છે કે મચ્છરોના બ્રિડીંગ નાના કન્ટેઈનરોમાં સૌથી વધુ મળી રહ્યા છે. આ ઉપરાંત પાણીના સંગ્રહ પાત્રો જેવા કે પીપ, નાની પાણીની ટાંકીમાં અને ભંગારમાં તેમજ પાણીનો નિકાલ ના થયો હોય તેવા સ્થાનો વધુ જોવા મળ્યા છે. મચ્છરોની ઉત્પત્તિ માટે હાલ સૌથી સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્રએ સર્વેલન્સની સાથે સાથે જન જાગરણ અભિયાન પર વિશેષ ભાર મુક્યો છે એટલુ જ નહિ મચ્છરદાનીમાં સુવા માટે પણ લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ચોમાસુ સક્રિય બને તે પૂર્વે આ સર્વેલન્સ તે વધુ મહત્વનું હોવાથી તંત્ર દ્વારા સઘન સર્વેલન્સની તાકીદ કરવામાં આવી છે. રાજ્ય સરકારે પણ ૨૦૨૨ સુધીમાં મેલેરિયા નિર્મૂલનના લક્ષ્યાંક સાથે આ વર્ષે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના ચોમાસુ પહેલાં જ ચાર રાઉન્ડ યોજ્યા છે. મેલેરિયાને નાથવા સક્ષમ સમર્થ અને તૈયાર છીએ તે થીમ પર તંત્ર કાર્યવાહી કરી રહ્યું છે.

હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"વાહ, ધન્ય ધન્ય થઈ ગયા. નાની અમથી વાતમાંથી જીવનના મૂળભૂત તત્વોનું આચમન કરાવ્યુ. મેં તો ખોબો માંગ્યો હતો, આપે દરીયો દીધો."

"ના... ભાઈ... ના... વરસાદના વિરહમાં પ્રાર્થના ભાવમાં, અંતરના ઉંડાણથી જીવનનું મંથન શબ્દ બનીને વ્યક્ત થઈ ગયું. ચાલો હવે વિનવણી કરીએ મેઘરાજાને..."

"હા... સાહેબ... હા... પધારો... મેઘરાજા... પધારો..."

રાજીનામુ આપ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુબેરજી ગોલ વાવોલની બેઠક પરથી ચૂંટાઈને આવેલા છે. તેમના નિકટવર્તી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪થી વધુ સભ્યો તેમની સાથે પક્ષ છોડવાનું વિચારી રહ્યા છે. જો કે આ વાતને કોઈ સમર્થન મળતું નથી.

હવે આગામી સામાન્ય સભામાં શું થાય છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

મુસાફરોમાં રોષ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બંધ થઇ ગઇ છે. એકબાજુ વોલ્વો બસ શરૂ કરી આમ નાગરિકોને સુવિધાયુક્ત સલામત સવારી નસીબ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. જ્યારે બીજીતરફ રૂટીન બસ સેવામાં કાપ મુકવામાં આવી રહયો છે. જ્યારે જામજોધપુર રૂટની બસ પણ બંધ કરી દેવામાં આવતા મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. એસ ટી ડેપો દ્વારા ગાંધીનગરથી રાજયને જોડતા અન્ય શહેરોને અનુલક્ષી નવી વોલ્વોની સવારી ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. પરંતુ રૂટીનમાં રોજબરોજ દોડતી બસો બંધ કરવાની નીતિના લીધે મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

રાજકીય સંકટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થવાનું છે, પરંતુ બ્રેક્ઝિટ બાદ બંને વચ્ચે કેવા પ્રકારનો વેપાર રહેશે તે અંગે બ્રિટન અને યુરોપિયન સંઘ વચ્ચે કોઈ સંમતિ સધાઈ નથી, જેના કારણે દેશમાં અનિશ્ચિતતાનો માહોલ ઊભો થયો છે.

સમજૂતિ કરાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને તેમના દેશ વચ્ચે ૪૫ વર્ષ જુના સંબંધો રહેલા છે. બંને દેશો વચ્ચે જુદા જુદા મુદ્દા ઉપર પારસ્પરિક ખુબ સારા સંબંધો રહ્યા છે. વર્ષ ૨૦૧૫માં જ્યારે વડાપ્રધાને દક્ષિણ કોરિયાની યાત્રા કરી ત્યારે બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવી ઉંચાઈ જોવા મળી હતી. કોરિયાના પ્રમુખ મુને મોદી સાથે સફળ વાતચીત કર્યા બાદ કહ્યું હતું કે, બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઇ જશે. આજે જે સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા તે પૈકીના સંબંધો ખુબ મહત્વપૂર્ણ છે. મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જેમાં સહકાર સમિતિની સ્થાપના મારફતે માહિતીની આપલે પણ કરવામાં આવશે. બંને નેતાઓએ સંયુક્ત બેઠક પણ યોજી હતી. ટેકનોલોજીકલ રિસર્ચ, રેલવે રિસર્ચ, બાયોટેનોલોજી, આઈસીટી, ટેલિ કોમ્યુનિકેશન, માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝના ક્ષેત્રમાં સહકાર વધારવાના મુદ્દા પર હસ્તાક્ષર કરાયા છે.

મેઘ તાંડવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે તથા તેમને સુરક્ષિત બચાવવા માટે એનડીઆરએફની ટીમો સક્રિય થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં મુંબઈમાં ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ નોંધાઈ ગયો છે. ઉપનગરીય વિસ્તારોમાં આનાથી પણ વધારે વરસાદ નોંધાયો છે. રેલવે ટ્રેક ઉપર પાણી ભરાઈ જવાઈ લાઈફલાઈનનું સંચાલન ઠપ થઈ ગયું છે. વસઈ અને વિરાર વચ્ચે લોકલ ટ્રેનો બંધ કરી દેવામાં આવી છે. લોકલ ટ્રેનો પણ બંધ રાખવામાં આવી હતી. બેસ્ટની બસો પણ ખોરવાઈ ગઈ છે. મુંબઈ શહેરમાં સરેરાશ મોસમનો કુલ વરસાદ નવી ઉંચી સપાટી ઉપર પહોંચી રહ્યો છે. દહીસર, બોરીવલ્લી, મલાડ, જોગેશ્વરી, અંધેરી, શાંતાક્રુઝ, માહિમ, કુર્લા, પરેલ, નાલાસોપારા, દાદર, કિંગ સર્કલ, વડાલા, ઘાટકોપર, પોવાઈ અને અન્ય જગ્યાઓ ઉપર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. નાલાસોપારામાં સૌથી વધુ આઠ ઈંચ વરસાદ ખાબકી ગયો છે. વસઈમાં એનડીઆરએફની ટીમ ગોઠવાઈ ગઈ છે. આજે પણ યથાવતરીતે વરસાદનો દોર જારી રહ્યો હતો. સૌથી વધારે કફોડી હાલત નાલાસોપારામાં થઈ છે.છેલ્લા સાત વર્ષમાં સૌથી